તહેવારોની ભીડને પહોંચી વળવા રેલવેની મોટી તૈયારી

ઉત્રાણ બનશે સુરતનું સેટેલાઇટ સ્ટેશન

દિવાળી-છઠ પહેલા 10-12 દિવસમાં કામ પૂર્ણ થશે

રોજની 8 ટ્રેનોનું સંચાલન થઈ શકશે : વડોદરા DRM રાજુ બડક

સુરત : આગામી દિવાળી અને છઠ પૂજા જેવા તહેવારોમાં મુસાફરોની ભારે ભીડને સુગમ અને સુરક્ષિત મુસાફરી આપવા પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝને મહત્વની પહેલ કરી છે. સુરત મુખ્ય સ્ટેશન પર વધતા અત્યંત ભારણને ઘટાડવા માટે ઉત્રાણ રેલવે સ્ટેશનને 'સેટેલાઇટ સ્ટેશન' તરીકે ઝડપથી વિકસાવવામાં આવી રહ્યું છે. વડોદરાના મંડલ રેલ પ્રબંધક (DRM) રાજુ બડકેએ કામગીરીનું નિરીક્ષણ કરી જણાવ્યું કે આગામી 10 થી 12 દિવસમાં તમામ મુખ્ય ટેક્નિકલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો પૂર્ણ કરી દેવાશે.

સેટેલાઇટ સ્ટેશનની મુખ્ય વિશેષતાઓ

- » **6 લાઇનનું વિશાળ નેટવર્ક:** મેઈન લાઈનના 2 ટ્રેક ઉપરાંત અપ અને ડાઉન દિશામાં 2-2 લૂપ લાઈનો બનાવાઈ રહી છે.
- » **4 ફૂલ-લેન્થ પ્લેટફોર્મ:** સ્ટેશન પર 4 મોટા પ્લેટફોર્મ હશે, જ્યાં 22 કોચવાળી લાંબી LHB ટ્રેનો સરળતાથી ઉપડી શકશે.
- » **ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ:** ટ્રેનોના સુરક્ષિત સંચાલન માટે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિગ્નલિંગ સિસ્ટમનું કમિશનિંગ કામ પૂર્ણ થઈ રહ્યું છે.
- » **રોજની 8 ટ્રેનોની ક્ષમતા:** અહીંથી રોજ ઓછામાં ઓછી 8 ટ્રેનો મેનેજ કરવાની ક્ષમતા રહેશે, જેની શરૂઆત સ્પેશિયલ ટ્રેનોથી કરાશે.
- » **અમૃત ભારત યોજના:** દિવ્યાંગ, વૃદ્ધો અને મહિલાઓ માટે ખાસ સુગમ એપ્રોચ, વેઈટિંગ એરિયા, આધુનિક બાયો-ટોયલેટ અને ડિસ્પ્લે-અનાઉન્સમેન્ટ સિસ્ટમની વ્યવસ્થા કરાઈ રહી છે.

અમૃત ભારત સ્ટેશન હેઠળ આધુનિક સુવિધા

વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલી 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ સ્ટેશનને આધુનિક સુવિધાઓથી સજ્જ કરાઈ રહ્યું છે. જેમાં મુસાફરો માટે બેસવાની, ટિકિટ બુકિંગ, ટ્રેન ડિસ્પ્લે બોર્ડ અને સ્વચ્છતાનું ખાસ ધ્યાન રખાયું છે. અમારું મુખ્ય લક્ષ્ય દિવાળી પહેલા સુરતથી ઉપડતી સ્પેશિયલ ટ્રેનોનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવાનું છે. ટ્રેક, OHE અને સિગ્નલિંગનું મુખ્ય કામ પૂર્ણ થઈ ગયું છે. આગામી 10-12 દિવસમાં બાકીના નાના કામો પૂર્ણ કરી તહેવારોની ભીડને સંભાળી લેવાશે.

સુરત સ્ટેશનનો ભાર ઘટશે

DRM રાજુ બડકેએ જણાવ્યું કે સુરત ખૂબ જ મહત્વનું અને વ્યસ્ત વેપારી શહેર છે. સુરત સ્ટેશન પર વધતા દબાણને જોતા અગાઉ ઉધના સ્ટેશનને ડેવલપ કરાયું હતું. તે જ કડીમાં હવે ઉત્રાણ સ્ટેશનને સેટેલાઇટ સ્ટેશન તરીકે વિકસાવાઈ રહ્યું છે, જેથી ઉત્તર ભારત અને તાપ્તી રેલ માર્ગ તરફ જતી ભીડને અહીંથી સુચારુ રીતે હેન્ડલ કરી શકાય.

સુરક્ષાની ત્રિસ્તરીય વ્યવસ્થા

તહેવારોમાં મુસાફરોની સુરક્ષા માટે RPF, TTE, ગાર્ડ્સ અને વોલિયન્ટર્સ તૈનાત રહેશે. આ ઉપરાંત સ્થાનિક વહીવટ, સિટી પોલીસ અને હોમગાર્ડ્સ સાથે સંકલન કરી મુસાફરોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરાશે. ઉપરાંત એવી રીતે આયોજનો કરવામાં આવશે કે જેથી મુસાફરોને હાલાકી નહીં થાય

કામરેજ પોલીસે વકીલ સહિત ત્રણને પટ્ટાથી ફટકારતા ગુનો નોંધાયો

ટ્રાફિક મામલાની અદાવતમાં વકીલ પર અત્યાચાર

પી.એસ.આઈ. અને એ.એસ.આઈ. સહિતના કર્મીઓ વિરુદ્ધ ગુનો દાખલ થયો

સુરતઃ કામરેજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં વકીલાતનો વ્યવસાય કરતા ગૌરાંગ (ઉં.વ.28) અને તેમના પરિવારજનો પર પોલીસકર્મીઓ દ્વારા જ અત્યાચાર ગુજારવામાં આવ્યો હોવાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે.

ઘટનાની વિગતો મુજબ કામરેજની શાંતિનગર સોસાયટી, એ-81માં રહેતા ગૌરાંગભાઈ ભરતભાઈ હેરભા વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના ઘરે ગત ૪ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ પંચમાસની વિધિનો કાર્યક્રમ હતો અને તેમના પરિવારની મહિલાઓ બ્યુટી પાર્લરમાં તૈયાર થવા ગઈ હતી. તેમને લાવવા માટે ગૌરાંગભાઈ, તેમના ભાઈ રોહિતભાઈ અને મિત્ર રવિભાઈ ગયા હતા. દરમિયાન કામરેજ ચાર રસ્તા પાસે મોટરસાઇકલ નં.(જીજે-૦૫-યુએલ-૩૬૬૧)ના ચાલક સાથે વાહન સાઈડમાં હંકારવા બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ બાબતે બંને પક્ષો દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનમાં અરજીઓ આપવામાં આવી હતી. બપોરના સમયે ગૌરાંગભાઈ જ્યારે પોલીસ સ્ટેશન પહોંચ્યા અને પી.એસ.આઈ. પી.એસ.ચાવડાને મળવા ગયા ત્યારે 'સાહેબ ફ્રી નથી' કહી તેમને ઘરે મોકલી દેવાયા હતા. ત્યારબાદ લોકરક્ષક મેહુલભાઈ જોગાભાઈ કસોટીયાના ફોનથી પી.આઈ. ગોજીયાએ બોલાવ્યા હોવાનું કહી ગૌરાંગભાઈ અને તેમના ભાઈને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા.

જ્યાં પ્રથમ માળે આવેલા સર્વેલન્સ સ્ક્વોડ રૂમમાં (જ્યાં કેમેરા ન હતો) એ.એસ.આઈ. શક્તિસિંહ, પી.એસ.આઈ. ચાવડા અને મેહુલભાઈ કસોટીયા દ્વારા પી.આઈ. ગોજીયાના ટેલિફોનિક માર્ગદર્શન મુજબ પતાવટ કરવાનું દબાણ કરવામાં આવ્યું હતું. ના પાડતા સામાવાળા દેવેન સોલંકીની હાજરીમાં લોકરક્ષક મેહુલ કસોટીયાએ લાકડાના હાથાવાળા પટ્ટા વડે વકીલ ગૌરાંગભાઈ અને તેમના ભાઈ રોહિતભાઈને બંને હાથે જોરજોરથી માર માર્યો હતો, . તેમજ મિત્ર રવિ ધંધુકિયાને પણ પટ્ટા મારવામાં આવ્યા હતા. આ અત્યાચાર બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ અને વકીલમંડળને જાણ થતાં પોલીસ સ્ટેશનમાં હોબાળો મચી ગયો હતો. આ મામલે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણીની રજૂઆતને ધ્યાને લેવામાં આવી હતી.

વિદેશી ડોલર સસ્તા દરે એક્સચેન્જ કરવાના બહાને

હીરા વેપારી સાથે રૂપિયા 8.03 લાખની ઠગાઈમાં વાપીના વેપારીની ધરપકડ

પાવાગઢના જંગલમાં બોલાવી રૂપિયા ભરેલી બેગ આંચકી લીધી હતી

સુરતઃ અઠવાલાઇન્સના હીરા વેપારીને પાવાગઢના જંગલમાં બોલાવી રૂપિયા 8.03 લાખની ઠગાઈ કરવાના કેસમાં ઉમરા પોલીસે વાપીના એક વેપારીની ધરપકડ કરી છે.

ફરિયાદ મુજબ, અઠવાલાઇન્સ રોડ પર રહેતા અને મહીધરપુરામાં હીરાનો વ્યવસાય કરતા સંકેત ભરતભાઈ શાહ (ઉ.વ. 40) અવારનવાર ધંધાર્થે બેલ્જિયમ જાય છે. બેલ્જિયમમાં તેમના મિત્ર તેજેન્દ્ર મહારાજે રાહુલ નામના શખ્સ સાથે ઓળખાણ કરાવી હતી. રાહુલે સંકેતભાઈને જણાવ્યું હતું કે, તેના ભત્રીજા વિશાલ પટેલ અને ડો. નિલેશ સેલવાસમાં એનજીઓ ચલાવે છે, જ્યારે વાપીનો મુકેશ જયસ્વાલ સ્વામિનારાયણ મંદિર સાથે જોડાયેલો છે. આ સંસ્થાઓ પાસે વિદેશી દાનમાં મળેલા ડોલર છે અને તેના બદલામાં ભારતીય ચલણની જરૂર હોવાથી સસ્તા દરે ડોલર આપવાની વાત કરવામાં આવી હતી. સંકેતભાઈ અને તેમના પિતા આ વ્યવહાર માટે તૈયાર થતા. ગત 2 ડિસેમ્બર, 2025ના રોજ તેમણે આંગડિયા મારફતે રૂપિયા 9.11 લાખ મંગાવ્યા હતા અને પિતા સાથે વડોદરા પહોંચ્યા હતા. ત્યાંથી ટોળકીના સભ્યો તેમને કારમાં બેસાડી અસોદ ચોકડી થઈ રેલીસ હોટલ લઈ ગયા હતા. ત્યારબાદ સંકેતભાઈને એકલા પાવાગઢના જંગલ તરફના સૂમસામ રસ્તા પર બોલાવવામાં આવ્યા હતા. ત્યાં એક અજાણ્યા શખ્સે ડોલરની થપ્પી બતાવી સંકેતભાઈ પાસેથી રૂપિયા 9.11 લાખ ભરેલી બેગ આંચકી લીધી હતી અને જંગલ તરફ ભાગી ગયો હતો. બાદમાં ડોલરની થપ્પી તપાસતાં તેમાં 100 ડોલરની માત્ર બે નોટો હતી, જ્યારે બાકીની એક-એક ડોલરની હતી. આ રીતે ડોલરના બદલામાં માત્ર રૂપિયા 1.08 લાખ જેટલી જ રકમ મળી હતી. બાકીની રકમ અંગે આરોપીઓએ શરૂઆતમાં પરત આપવાની ખાતરી આપી પોલીસ ફરિયાદ ન કરવા જણાવ્યું હતું, પરંતુ નાણાં પરત નહીં મળતાં આખરે સંકેતભાઈએ મુકેશ જયસ્વાલ, વિશાલ પટેલ, ડો. નિલેશ, રાહુલ, સ્વામી સહિત અન્ય અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉમરા પોલીસે વોન્ટેડ મુકેશ સુભાષ જયસ્વાલ (રહે. સ્ટાર સિટી, ગામ નામધા, તા. વાપી, જિ. વલસાડ)ને ગત રવિવારે ઝડપી પાડ્યો હતો.

વિદેશી દારૂની ખેપ મારતા પકડાયેલા સુરતના ચાર પોલીસ જવાનો સસ્પેન્ડ

દારૂ ભરીને આવતી કાર સાથે ઝડપાયેલા ચાર પોલીસ કર્મીઓએ LCB જવાન પર હુમલો કર્યો હતો

ગણદેવી પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ૪ દિવસનાં રિમાન્ડની માંગણી સામે કોર્ટે ૧ દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા

બીલીમોરા : ગણદેવીના એંધલ હાઈવે નં.૪૮ ઉપર સુરત ટ્રાફિકના પોલીસ વિદેશી દારૂ ખેપ પ્રકરણમાં આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ચાર દિવસના રિમાન્ડની માંગ કરાઈ હતી. જેમાં કોર્ટે સોમવાર સાંજે ૫ કલાક સુધીના ૧ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા. બીજી તરફ સુરત પોલીસમાં ફરજ બજાવતા ચારેય આરોપી પોલીસ જવાનોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ગણદેવીના એંધલ ગામની સીમમાં શનિવારે રાત્રે વાહન ચેકીંગ દરમિયાન દમણ તરફથી આવતી સ્વીફ્ટ કાર નં. જીજે ૦૮ ડીએમ ૫૨૫૪ માં રૂપિયા ૩૫ હજારનો દારૂ મળી આવ્યો હતો. જેમાં સુરત ટ્રાફિક પોલીસ તરીકે નોકરી કરતા અંકિત દેવડા, પિન્ટુ ડુંગાઈસા, દિતા ચૌહાણ અને રાહુલ પ્રાંગી અને તેમનો સાગરીત રત્ન કલાકાર દેવરાજ રબારીએ નવસારી એલસીબી પોલીસ જવાન તાહિરઅલીને માર માર્યો હતો અને તે બાદ ભાગી નીકળ્યા હતા. પોલીસે તેઓનો ફિલ્મી ઢબે પીછો કરી વેસ્મા હાઈવે ઉપરથી પકડી લીધા હતા. અને કાયદાનું ભાન કરાવ્યું હતું. આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન, ધાકધમકી, પોલીસ ફરજમાં રૂકાવટ અને મારામારી કરી ભાગી જવા અંગે ગુના નોંધી ગણદેવી પોલીસે કોર્ટમાં રજૂ કરી ચાર દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જેમાં કોર્ટે સોમવાર સાંજે પાંચ કલાક સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. બીજી તરફ વાડજ ચીભડાં ગળતું હોય તેમ દારૂની ખેપ મારી પોલીસની આબરૂની ધુરધાણી કરનાર ચારેય પોલીસ જવાનોને સુરત પોલીસ દળમાંથી સસ્પેન્ડ કરાયા છે.

મતદાર યાદી સુધારણા: એક જ દિવસમાં 20,791 ફોર્મ જમા

આગામી તા.25 ઓક્ટોબર અને 1 નવેમ્બરે ફરી ખાસ ઝુંબેશ

સુરતઃ મતદારયાદીમાં નામ નોંધાવવા, વિગતોમાં સુધારા કરાવવા અને નામ કમી કરાવવા માટે ચૂંટણી તંત્રની 18 ઓક્ટોબરના રોજ યોજાયેલી ઝુંબેશ દરમિયાન સુરત જિલ્લાના 16 મતદાર વિભાગોમાંથી કુલ 20,791 ફોર્મ પ્રાપ્ત થયાં હતાં. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ ઓલપાડ, માંગરોળ, માંડવી, કામરેજ, ઉધના, મજુરા, કતારગામ સહિત જિલ્લાના કુલ 16 મતદાર વિભાગોમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઝુંબેશ દરમિયાન સંબંધિત મતદાન મથકો પર બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) હાજર રહ્યા હતા અને નાગરિકો પાસેથી મતદારયાદી સંબંધિત વિવિધ ફોર્મ સ્વીકાર્યાં હતાં. ખાસ કરીને 18થી 19 વર્ષ અને 20થી 29 વર્ષના વયજૂથના મતદારોને ફોર્મ પણ પ્રાપ્ત થયાં હતાં. નવા મતદારોની સાથે અગાઉથી નોંધાયેલા મતદારોની વિગતો સુધારવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.

અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ કરી સમીક્ષા

અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અમિત એચ. ચૌધરીએ વિવિધ મતદાન મથકોની મુલાકાત લઈને કામગીરીની સમીક્ષા કરી હતી અને મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. આગામી 25 ઓક્ટોબર અને 1 નવેમ્બર, 2026ના રોજ પણ રવિવારે ખાસ ઝુંબેશ યોજાશે. આ દિવસોમાં બીએલઓ મતદાન મથકો પર હાજર રહી ફોર્મ સ્વીકારશે. જિલ્લા ચૂંટણી તંત્રએ લાયક નાગરિકોને આ તકનો લાભ લઈ મતદારયાદીમાં નામ નોંધાવવા અને જરૂરી સુધારા કરાવવા અપીલ કરી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

શેરબજારમાં...

કૌભાંડકારો અને સંસ્થાઓનાં આશરે રૂ. ૨૦૦ કરોડનાં ટ્રેડિંગ એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યાં છે. દરોડામાં વાંધાજનક દસ્તાવેજો, ડિજિટલ સાધનો, શેરના વ્યવહારોના રેકોર્ડ અને મિલકતને લગતા દસ્તાવેજો પણ જપ્ત કરાયા છે. ઈડીની મુંબઈ ઝોનલ ઓફિસે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA), ૨૦૦૨ હેઠળ આ કાર્યવાહી હાથ ધરી હતી. તપાસનો સંબંધ આર એમ ડ્રીપ અને સ્પીન્કલર્સ સિસ્ટમ્સ લી. અને આર એન્ડ બી ડેનિમ્સ લી.ના શેરમાં કથિત ભાવચેડાં સાથે છે. તપાસના ભાગરૂપે બંને કંપનીઓની ઓફિસો, પ્રમોટરોના નિવાસસ્થાનો, શેરબજારના વ્યવહારો સાથે જોડાયેલી સ્ટોક બ્રોકિંગ અને નાણાકીય કંપનીઓ તથા કથિત વોટ્સએપ ગ્રૂપ ચલાવતા લોકોનાં સ્થળોની તપાસ કરવામાં આવી હતી.

સુરતના...

ભાવનગર, સુરત શહેર અને સુરત જિલ્લાના પલસાણામાં દરોડા પાડવામાં આવ્યા હતા. R&B ડેનિમ્સ ઉપરાંત RM Drip and Sprinklers Systems Ltd. ના શેરમાં કથિત ભાવચેડાંની પણ તપાસ ચાલી રહી છે.

પારિવારિક જોડાણ...

જણાવ્યું છે. તપાસ મુજબ, આ જૂથો સાથે સંકળાયેલા લાભાર્થીઓએ લક્ષિત શેર ઓછા ભાવે મેળવ્યા હતા અને ત્યારબાદ વિવિધ માધ્યમો દ્વારા શેરના ભાવ વધારવાના પ્રયાસો થયા હતા. જોકે, આ સમગ્ર વ્યવહારમાં દરેક વ્યક્તિ કે સંસ્થાની ચોક્કસ ભૂમિકા અંગેની તપાસ હજુ ચાલુ છે. ઈડીની ટીમે સંબંધિત કૌભાંડકારો અને સંસ્થાઓનાં આશરે રૂ. ૨૦૦ કરોડનાં ટ્રેડિંગ એકાઉન્ટ ફ્રીઝ કરવાની સાથે ડિજિટલ ઉપકરણો, શેરના વ્યવહારોના દસ્તાવેજો અને મિલકત સંબંધિત રેકોર્ડ પણ કબજે કર્યા છે.

અયોધ્યાના...

છે કે, હવે અયોધ્યામાં બિરાજમાન ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને જાનકીને જે વસ્ત્રો ધારણ કરાવવામાં આવશે તેનું મખમલ અને રેશમનું કાપડ હવે સુરતથી જશે. અત્યાર સુધી દિલ્હીના ડિઝાઇનર મનીષ મલ્હોત્રા વસ્ત્રો મોકલતા હતાં પરંતુ હવે રામ મંદિર ટ્રસ્ટે વસ્ત્રોનું કાપડ સુરતથી મંગાવવાનું અને વસ્ત્રો અયોધ્યાના જ દરજી પાસે તૈયાર કરાવવાનું નક્કી કર્યું છે.શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મંજૂરી બાદ આ માટે સુરતથી મખમલ, રેશમ અને અન્ય કાપડ મંગાવવામાં આવ્યા છે. નવી વ્યવસ્થા હેઠળ અઠવાડિયાના સાતેય દિવસ માટે અલગ-અલગ રંગના વસ્ત્રો તૈયાર કરવામાં આવી રહ્યા છે. રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા પહેલાં રામલલાના વસ્ત્રો તૈયાર કરવાની જવાબદારી 'પહાડી ટેલર્સ' પાસે હતી. ત્યારબાદ શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે વ્યવસ્થામાં ફેરફાર કર્યો હતો. પ્રસિદ્ધ ડિઝાઇનર મનીષ દ્વારા ડિઝાઇન કરાયેલા વસ્ત્રો દિલ્હીમાં તૈયાર થતા હતા અને રોજ અયોધ્યા પહોંચાડવામાં આવતા હતા. હવે નવી વ્યવસ્થા હેઠળ રામલલાના વસ્ત્રો અયોધ્યામાં જ સીવવાનું શરૂ થઈ ગયું છે. ટેલર ભગવતપ્રસાદ પહાડીએ જણાવ્યું કે છેલ્લા એક અઠવાડિયાથી રામલલાના વસ્ત્રો સીવવાનું કામ કરવામાં આવી રહ્યું છે. જોકે, ટ્રસ્ટ તરફથી હજુ સુધી આ કામ માટે કોઈ નિર્ધારિત વ્યવસ્થા જણાવવામાં આવી નથી. ભગવત પ્રસાદ પહાડી આ વસ્ત્રો તૈયાર કરી રહ્યાં છે.

ફાફડાની ચાટ...

વર્ષે ગ્રાહકોએ સ્વાદ માટે વધુ કિંમત ચૂકવવી પડશે. બદલાતા સમય સાથે હવે ફાફડા જલેબીમાં પણ ઘણા વેરિયેશનોની એન્ટ્રી થઈ છે. જેન-ઝીમાં ફાફડા અને જલેબીમાં કરાઈ રહેલું ફ્યુઝન ઘણું જ લોકપ્રિય થઈ રહ્યું છે. ફ્યુઝનમાં જલેબી પર ડ્રાયફ્રુટ્સ નાખવામાં આવી રહ્યા છે તો ફાફડામાં ચીઝ નાખીને ખાવાની પ્રથા શરૂ થઈ છે.

નાચોસ સ્ટાઈલના...

વિક્રેતાઓ ચિઝ ફાફડા પણ શોપમાં પિરસી રહ્યા છે. આ સ્પેશ્યલ ડિશની અંદર પપૈયાનો સંભારો, લીલી ચટણી અને મોઝરેલા ચીઝ ભરીને તેને હળવું ગરમ (બેક) કરી ચીઝી ટ્વિસ્ટ આપવામાં આવે છે. આ સાથે સાથે પેરી-પેરી અને મસાલામાં પિરસાતા ફાફડાનો ચટાકો પણ લોકો માણી રહ્યા છે. ક્લાસિક પારંપરિક ફાફડાને બદલે લોટ બાંધતી વખતે કે તળ્યા પછી તેના પર સ્પાઈસી આફ્રિકન પેરી-પેરી મસાલો અથવા મેજિક મસાલો છાંટવામાં આવે છે. ફાફડા-જલેબી કોમ્બો ફ્યુઝન વાળી આઈટમમાં બે ફાફડાની વચ્ચે જલેબી અને થોડી તીખી ચટણી મૂકીને 'સ્વીટ એન્ડ સોલ્ટી' ફ્લેવરનું અનોખું કમ્બિનેશન સોશિયલ મીડિયા પર ઘણું ટ્રેન્ડ થઈ રહ્યું છે.

સુરતી ફાફડા...

થોડા સમયમાં તૈયાર થઈ જાય છે. લાંબા અંતરના પરિવહન દરમિયાન વાનગીની ગુણવત્તા જળવાઈ રહે અને ગ્રાહકોને પરંપરાગત સ્વાદનો અનુભવ થાય તે માટે વેપારીઓ પેકિંગ પર ખાસ ધ્યાન આપે છે.

ગત વર્ષે...

આ વર્ષે ફાફડાનો ભાવ આશરે રૂ. 600 પ્રતિ કિલો રહેશે. શુદ્ધ દેશી ઘીમાં બનેલી જલેબી રૂ. 600થી 700 પ્રતિ કિલોના ભાવે વેચાશે, જ્યારે સીંગતેલ અથવા સામાન્ય તેલમાં બનેલી જલેબીનો ભાવ આશરે રૂ. 500 પ્રતિ કિલો રહેશે.

ટાઈગર શ્રોફ...

સુરત રેલવે સ્ટેશને પહોંચી હતી. સુરતમાંથી મળેલી કડીના પગલે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને કોટાથી આરોપીઓને પકડવામાં સફળતા મળી હતી. જોકે, આખા ઓપરેશનની ગુપ્તતા એવી હતી કે સ્થાનિક રેલવે સુરક્ષા દળને તેની ગંધ પણ આવી નહિ. મુંબઈથી આવેલી ટીમે ન તો સ્થાનિક અધિકારીઓને તપાસનું કારણ જણાવ્યું કે ન તો શંકાસ્પદોના ફોટા શેર કર્યા. ટીમ સીધી CCTV સર્વેલન્સ રૂમમાં પહોંચી અને પોતાના સ્તરે ફૂટેજ જોવામાં લાગી ગઈ. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને એવી માહિતી મળી હતી કે ગોળીબાર કર્યા બાદ શુટરો બાયરોડ સુરત આવ્યા હતા અને ત્યાંથી ટ્રેઈનમાં બેઠા હતા.

સીસીટીવીના ફૂટેજમાં...

હતી. આશંકા હતી કે શંકાસ્પદો આ ટ્રેનમાં સવાર થયા હોઈ શકે છે. સીસીટીવી ફૂટેજ ચકાસતા કન્ફર્મ થયું હતું કે, ખૂબ ઝડપથી દોડતા દોડતા આવીને ત્રણેય શકમંદ આરોપીઓ ચાલુ ટ્રેનમાં સુરતથી જ પૂણે-જયપુર ટ્રેનમાં ચડ્યા હતા. જેથી હુમલાખોરોને પકડવામાં મહત્ત્વપૂર્ણ કડી સુરત રેલવે સ્ટેશનથી મળી હતી. જેના આધારે આરોપીઓને કોટાથી પકડી શકાયા હતા. જોકે, ક્રાઈમ બ્રાન્ચની ટીમ જ્યારે તપાસ માટે સુરત પહોંચી ત્યારે ટ્રેન સ્ટેશનથી આગળ નીકળી રતલામ પહોંચી ગઈ હતી. તેથી ટ્રેનને સુરતમાં રોકવા કે શંકાસ્પદોને અહીં જ પકડવાની કોઈ કાર્યવાહી થઈ શકી નહીં. સુરત RPFને સમગ્ર મામલાની જાણકારી સવારે લગભગ 11 વાગ્યે મળી.

સ્મશાનમાં બે...

દૈનિક ક્ષમતા પર આધારિત હોય છે.સુરતમાં તાપી નદીના કિનારે આવેલી અશ્વિનીકુમાર સ્મશાનભૂમિ સાથે મહાભારતના મહાન યોદ્ધા દાનવીર કર્ણની એક અત્યંત પ્રચલિત પૌરાણિક કથા જોડાયેલી છે.

માન્યતા અનુસાર, કુરુક્ષેત્રના યુદ્ધમાં જ્યારે કર્ણ મૃત્યુશૈયા પર હતા, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ તેમની અંતિમ ઈચ્છા પૂછી હતી. કર્ણએ ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેમના અંતિમ સંસ્કાર એવી પવિત્ર અને કુમારી ભૂમિ એટલે કે જ્યાં ક્યારેય કોઈ પાપ કે અગ્નિસંસ્કાર ન થયા હોય તેના પર કરવામાં આવે.

ભગવાન શ્રીકૃષ્ણએ સમગ્ર પૃથ્વી પર આવી જગ્યાની શોધ કરી અને અંતે સુરતમાં તાપી નદીના કિનારે આવેલી આ જગ્યા જે આજે અશ્વિનીકુમાર સ્મશાન તરીકે ઓળખાય છે તે મળી આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના સુદર્શન ચક્રથી અહીં એક રથ જેવડું સ્થાન તૈયાર કર્યું અને પોતાના હસ્તે દાનવીર કર્ણના અંતિમ સંસ્કાર કર્યા હતા. આ પૌરાણિક મહત્વના કારણે જ આ સ્મશાનભૂમિને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. જેના કારણે મૂળ સુરત સહિતના લોકો અહીં જ અંતિમ ક્રિયાનો આગ્રહ રાખતા હોય છે.

અંકલેશ્વરની...

સુરત અને નવસારી પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે. અકસ્માતમાં અન્ય બે મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ મીતલ અંકલેશ્વરમાં એડ્વોકેટ તરીકે પ્રેક્ટિસ કરતી હતી. બે વર્ષ માટે કેનેડામાં વર્ક પરમિટ મળતાં તે પોતાની પુત્રી અને પતિને સાસુ જયશ્રીબેન પાસે મૂકીને કેનેડા ગઈ હતી. પતિ અને પુત્રીના વિઝા મળ્યા બાદ તેમને પણ કેનેડા બોલાવવાની તેની યોજના હતી. શુક્રવારે મીતલનો જન્મદિવસ હોવાથી તે પોતાના છ મિત્રો સાથે કારમાં ઉજવણી કરવા ગઈ હતી. જન્મદિવસની ઉજવણી પૂર્ણ કરી મોડી રાત્રે પરત ફરતી વખતે તેમની કારને ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું હતું. કારમાં સવાર સાત મિત્રો પૈકી ત્રણનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે ચારને ટોરન્ટો નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન મીતલ સહિત વધુ બે મિત્રનાં મોત થતાં મૃત્યુ આંક પાંચ પર પહોંચ્યો હતો. અન્ય બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

૧૯.૪૧ કરોડનું...

ગુજરાતમાં પર્દાફાશ કર્યો છે. અમદાવાદ અને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મારફતે વિદેશી મૂળનું સોનું દેશમાં લાવી, વડોદરામાં ગેરકાયદે ઓગાળીને અમદાવાદની જ્વેલરી શોપ મારફતે વેચાણ કરવાના કથિત કૌભાંડમાં આશરે રૂ. ૧૯.૪૧ કરોડની કિંમતનું ૧૩.૦૧૭ કિલો સોનું તપાસના દાયરામાં આવ્યું છે. આ કેસમાં ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં દુબઈ સ્થિત નાણાંકીય સહાય પૂરી પાડનાર વ્યક્તિ સાથે જોડાણ ધરાવતા નેટવર્કની વિગતો પણ સામે આવી છે. ચોક્કસ બાતમીના આધારે રેવન્યૂ ઈન્ટેલીજન્સના અધિકારીઓએ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬થી શંકાસ્પદો પર નજર રાખીને આશરે ૪૨ કલાક સુધી સંકલિત કાર્યવાહી હાથ ધરી હતી. ડીઆરઆઈની પ્રાથમિક તપાસમાં સોનું છુપાવીને લાવવા માટે અલગ-અલગ પદ્ધતિઓનો ઉપયોગ થતો હોવાની વિગતો સામે આવી છે. તેમાં રોડિયમનું પડ ચડાવેલા સોનાના પાતળા તાર, ટ્રોલી બેગના અંદરના અસ્તરમાં છુપાવેલું સોનું અને બેગના અંદરના ભાગમાં છુપાવેલી સોનાની પેસ્ટનો સમાવેશ થાય છે. એરપોર્ટ પર પહોંચ્યા બાદ આ સોનું બહાર હેન્ડલર્સને સોંપવામાં આવતું હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ મધ્યસ્થીઓ દ્વારા તેને વડોદરા સ્થિત ગેરકાયદે સોનું ઓગાળવાના એકમ સુધી પહોંચાડવામાં આવતું હતું. ઓગાળ્યા બાદ સોનાને રોકડ સામે વેચાણ માટે અમદાવાદની એક જ્વેલરી શોપમાં મોકલવામાં આવતું હોવાની વિગતો પણ તપાસમાં સામે આવી છે.

અનુસંધાન... પાના પહેલાનું

ટાઇગર શ્રોફ...

કે આ આરોપીઓમાંથી એક આરોપી લોરેન્સ બિશ્નોઇ ગેંગના કથિત સાગરીત અનિલ પંડિતના સતત સંપર્કમાં હતો.

ઝડપાયેલા આરોપીઓની ઓળખ બિહારના બેગુસરાયના રિતિક ઉર્ફે રોશન અને હરિયાણાના સોનીપતના રેહાન તરીકે થઈ છે જ્યારે ત્રીજો આરોપી પણ હરિયાણાનો છે. કોટા એસપી તેમજ મુંબઈ પોલીસના ડીસીપી રાજ તિલક રોશને સ્પષ્ટ કર્યું કે ઝડપાયેલા ત્રણેય આરોપીઓમાંથી કોઈ પણ સગીર નથી. એક આરોપીની વય 18 વર્ષ અને અન્ય બે આરોપીઓની વય 22 વર્ષ છે. મુંબઈ પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરીને મુંબઈ લાવવા ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા છે.

મુંબઈ પોલીસ તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે કોટા પોલીસે એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ અને આરપીએફ સાથે મળીને ટ્રેનના જનરલ કોચમાં 15 મિનિટનું વિશેષ ઓપરેશન હાથ ધરીને ત્રણેયને પકડી પાડ્યા હતા.

પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે ગુનો આચર્યા બાદ આરોપીઓ જયપુરથી બસ પકડી દિલ્હી અને ત્યાંથી નેપાળ ભાગી જવાની યોજના બનાવી રહ્યા હતા. આરોપીઓ પાસેથી કોઈ હથિયાર મળી આવ્યું નથી અને તેમને મુંબઈ પોલીસને સોંપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ફિલ્મ એસોસિએશને ચિંતા વ્યક્ત કરી

'ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ' અને 'ઓલ ઇન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન' દ્વારા કલાકારોની સુરક્ષા મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં ફિલ્મ સર્જક રોહિત શેટ્ટી પર થયેલા હુમલા બાદ બોલિવૂડ હસ્તી પર આ બીજો મોટો હુમલો છે. ઉલ્લેખનીય છે કે રવિવારે સાંજે ટાઇગર શ્રોફની કાર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં અભિનેતાનો આબાદ બચાવ થયો હતો પરંતુ તેનો ડ્રાઇવર અને અન્ય એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે ઘટનાસ્થળે 3ને બદલે 5થી 6 રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ઉપયોગમાં લીધેલી મોટરસાઇકલ અંધેરી વિસ્તારમાંથી મળી આવી છે.

શું હથિયારમાં...

જામ થઈ જાય છે અને તે હથિયાર ચલાવવામાં સંઘર્ષ કરતો નજરે પડે છે. આ ખામીના કારણે જ કદાચ જીવતા કારતુસ બહાર ફેંકાયા હોઈ શકે છે.

આરોપીઓનો ભાગી...

હતા. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તેમનો પીછો કરીને રાજસ્થાનના કોટા રેલવે સ્ટેશનથી ઝડપી લીધા હતા. આરોપીઓની યોજના જયપુરથી બસ દ્વારા દિલ્હી થઈને નેપાળ ભાગી જવાની હતી. પોલીસની અલગ-અલગ ટીમો આ કેસમાં વધુ તપાસ ચલાવી રહી છે.

ગોળીઓનો જવાબ...

સાંખી નહીં લેવાય. પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ શરૂ કરી છે અને દોષિતોને ટૂંક સમયમાં જેલના સળિયા પાછળ ધકેલી દેવાશે. પોલીસ કમિશનર દેવેન ભારતીને ફિલ્મ જગતના કલાકારોની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. જે લોકો કાયદો પોતાના હાથ લેશે તેની સામે સખત પગલાં લેવામાં આવશે. મુંબઈની શાંતિ અને નાગરિકોની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

મણિપુરમાં જંગલમાં...

અને લૈરેનલકપામ ઈનાઓબી (51) નામના બે વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે ક્ષેત્રિમયિમ સુશીલનું (32) એક ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ હુમલામાં અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ત્રણ અન્ય વ્યક્તિઓ હજુ પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે.

અમેરિકા સાથે...

હતું. નેતન્યાહુએ કહ્યું, "બે વર્ષમાં, અમેરિકામાં કોઈ પુરુષ કે મહિલા પ્રમુખ સત્તામાં આવી શકે છે જે ઈઝરાયેલ પ્રત્યે ખૂબ વિરોધી હોઈ શકે." તેમણે પ્રશ્ન કર્યો, "તમે તેની સાથે કેવી રીતે નિપટશો? અમેરિકા સાથેના સંબંધોમાં તમે કેવી રીતે કામ કરશો? અને તે સિવાય, કયા ઉકેલો જરૂરી બનશે?"

ઈઝરાયેલના ઘણા વિશ્લેષકોનું માનવું છે કે અમેરિકામાં ડેમોક્રેટ્સમાં ઈઝરાયેલ પ્રત્યે વધેલી નારાજગી નેતન્યાહુ દ્વારા વર્ષો દરમિયાન લેવાયેલા ખોટા નિર્ણયોનું પરિણામ છે. આગામી ચૂંટણીમાં ઈઝરાયેલના વડાપ્રધાનના મુખ્ય દાવેદાર ગાદી આઈસેનકોટે આ રજૂઆતની તીખી ટીકા કરી હતી અને તેને ગંભીર રાષ્ટ્રીય સુરક્ષા વ્યુહરચનાના બદલે એક પોકળ રાજકીય કવાયત ગણાવી હતી. જ્યારે ઈઝરાયેલી લશ્કરના એક ભૂતપૂર્વ વડાએ આક્ષેપ કર્યો છે કે નેતાન્યાહુ પોતાના લાભ માટે લોકોમાં ભય ફેલાવી રહ્યા છે.

ભારતના ઇન્ફ્રા...

ગોયલે ૨૦૨૪ માં જર્મન વાઇસ ચાન્સેલર રોબર્ટ હેબેકને જણાવ્યું હતું કે બીજિંગ ચીનમાં TBMsનું ઉત્પાદન કરતી જર્મન કંપનીને ભારતમાં નિકાસ કરવાની મંજૂરી આપી રહ્યું નથી. વાણિજ્ય મંત્રાલયની જાહેરાત અનુસાર, ચીનના નવા નિયંત્રણોમાં 'વોકિંગ એક્સકેવેટર્સ' અને 'પ્લેટો-ટાઈપ વેટ શૉટક્રિટ મશીનો'નો પણ સમાવેશ થાય છે. સોમવારની જાહેરાત હેઠળ, સંબંધિત વસ્તુઓના નિકાસકારોએ ચીનના એક્સપોર્ટ કંટ્રોલ લો અને બેવડા ઉપયોગની વસ્તુઓ પરના નિકાસ નિયંત્રણોના નિયમો અનુસાર MOFCOM પાસે લાઇસન્સ માટે અરજી કરવી પડશે. આ જાહેરાતમાં નિકાસકારોએ નિયંત્રિત વસ્તુઓની ચોક્કસ ઓળખ કરીને તેને જાહેર કરવાની તેમજ કસ્ટમ્સ ડિક્લેરેશનમાં તેમના દ્વિ-ઉપયોગી નિકાસ નિયંત્રણ કોડનો ઉલ્લેખ કરવાની પણ આવશ્યકતા છે.સરકારી મીડિયા 'ગ્લોબલ ટાઇમ્સ'ના અહેવાલ મુજબ, જે વસ્તુઓ પર નિકાસ નિયંત્રણ લાગુ નથી પરંતુ સમાન ટેકનિકલ પાસાઓ અથવા કામગીરી ધરાવે છે, તેના માટે નિકાસકારોએ પોતાની જાહેરાતને પ્રમાણિત કરવા માટે વિગતવાર ટેકનિકલ પરિમાણો પૂરા પાડવા પડશે. જો જાહેર કરેલી માહિતીની ચોકસાઈ, પૂર્ણતા અથવા અસલિયત સામે શંકા જણાશે, તો કસ્ટમ્સ સત્તાવાળાઓ વધુ ચકાસણીની માંગ કરી શકે છે. જાહેરાતમાં જણાવ્યા અનુસાર, ચકાસણી પ્રક્રિયા દરમિયાન શિપમેન્ટ છોડવામાં આવશે નહીં.

નિયંત્રણ હેઠળ...

છે. શુક્રવારે, વાણિજ્ય મંત્રાલયે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) અને બાયોટેક્નોલોજીથી લઈને ફોટોવોલ્ટેઇક સોલર પાવર સુધીના ક્ષેત્રોની ૧૪ ટેક્નોલોજી પર નવા નિકાસ નિયંત્રણો મૂકવાની યોજનાનો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો. જાહેરાતમાં જણાવ્યા મુજબ, આ નિયંત્રણોમાં ટ્રેલિંગ સક્શન હોપર ડ્રેજર્સ (TSHDs) માં વપરાતા ઓછામાં ઓછા 0.55 મીટરના સક્શન પાઇપ વ્યાસ ધરાવતા ડ્રેગહેડ્સ, તેમજ કટર સક્શન ડ્રેજર્સ (CSDs) માં વપરાતા ઓછામાં ઓછા 2.1 મીટરના આઉટર કટર રિંગ વ્યાસ ધરાવતા કટરહેડ્સનો પણ સમાવેશ થાય છે. TSHDs અને CSDs એ પાણીની અંદરના કાંપને દૂર કરવા માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા બે સૌથી મુખ્ય દરિયાઈ વાહનો છે, પરંતુ તે સંપૂર્ણપણે અલગ પદ્ધતિઓ પર કામ કરે છે અને અલગ-અલગ વાતાવરણ/પરિસ્થિતિઓ માટે અનુકૂળ છે.

દિલ્હી ડાયરી...

ફોન નથી કર્યો. રણવીર સિંહે પણ ફોન નથી કર્યો. અને પ્રકાશ પદુકોણે પણ એમનો ચહેરો પાછો માગવા માટે ફોન નથી કર્યો. છતાં– ઓલ ઇંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયન તરીકે બઢતી મળવાથી ખુશ છું, હું આને સન્માન તરીકે લઉં છું." એક્સ હેન્ડલની આ ભૂલથી આશ્ચર્યચકિત થયેલા લોકોને હૂડાના ગુસ્સે થવા કે આક્રમક જવાબો આપવાને બદલે શાંત અને સુમેળભર્યા પ્રત્યુત્તરથી હળવાશનો અનુભવ થયો.

લવ કુશ રામલીલામાં જુઅલ ઓરામનો નિષાદરાજ અવતાર

દિલ્હીના લાલ કિલ્લાના મેદાનમાં આયોજિત વાર્ષિક લવ કુશ રામલીલામાં કેન્દ્રીય આદિવાસી બાબતોના મંત્રી જુઅલ ઓરામ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. તેમણે રામાયણમાં આદિવાસી રાજા અને ભગવાન રામના પરમ મિત્ર નિષાદરાજ ગુહાની ભૂમિકા ભજવી હતી. ઓડિશાના સુંદરગઢ જિલ્લાના આદિવાસી નેતા ઓરામે વનવાસ દરમિયાન આદિવાસી રાજાની ભગવાન રામ સાથેની મુલાકાત દર્શાવી હતી. નાટકમાં, આદિવાસી રાજા ભગવાન રામનું સ્વાગત કરે છે, તેમનો આતિથ્ય સત્કાર કરે છે અને તેમને ભાવભીની વિદાય આપે છે. ઓરામે સ્ટેજ પર પોતાની ભક્તિ વ્યક્ત કરતા ભગવાન રામને જે રીતે આલિંગન આપ્યું, તેણે દર્શકો તરફથી ઉત્સાહભેર તાળીઓ મેળવી. મંત્રીએ (તેમની મંચ ભૂમિકામાં) આદિવાસી સમુદાયો અને ભગવાન રામ વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને રેખાંકિત કરવાનો પ્રયાસ કર્યો. આ પ્રદર્શન રાજકીય રીતે પણ મહત્વપૂર્ણ હતું, જેમાં ભારતીય જનતા પાર્ટી આદિવાસી સમુદાયોમાં પોતાની પહોંચ મજબૂત કરવા અને ભગવાન રામનો સંદેશ ફેલાવવાનો અંદાજ લગાવી રહી હતી. તો પછી આમાંથી રાજકીય લાભ શા માટે ન લેવો? ઓરામની ટીમે કોઈ પણ સમય ગુમાવ્યા વિના ભગવાન રામના પાત્ર સાથેના તેમના સંવાદના વીડિયો શેર કર્યા, જેથી આ સંદેશ વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં મદદ મળે તેમજ દિલ્હીમાં તેમની પાર્ટી અને મોદી સરકાર–કે જેનો તેઓ એક ભાગ છે–બંનેમાં તેમનું સ્થાન મજબૂત થઈ શકે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સલાબતપુરા શાખા : ગ્રાઉન્ડ ફ્લોર, ફાઈનાન્શિયલ સુપર માર્કેટ, રૂપમ સીનેમા નજીક, માછીવાડ, રીંગ રોડ સલાબતપુરા, સુરત–૩૯૫૦૦૩, ફોન : ૦૨૬૧–૨૩૨૫૧૧૬, ૨૩૨૬૮૯૨, ૨૩૩૨૫૯૫, Email : salaba@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, **૧) મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ (ભાગીદારી પેઢી– દેવાદાર નું રજીસ્ટ્રેશન ઓફિસ)**
પ્લોટ નં.૧૩, ગ્રાઉન્ડ ફ્લોર, પટેલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દેલાડ પટીયા, ઓલપાડ સાયણ રોડ, સુરત–૩૯૪૫૪૦.
ફેકટરી ઓફિસ : જી–૩, દીપકમલ શોપીંગ સેન્ટર અને ડૉકટર હાઉસ, સરથાણા જકાતનાકા,સુરત–૩૯૫૦૦૬.
૨) શ્રી વિપુલ વસંતલાલ કાપડીયા (મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ ના ભાગીદાર– સહ–દેવાદાર)
બી–૩૦૧, જીવનદીપ કોમ્પલેક્ષ, સરસ્વતી સ્કુલ નજીક, હની પાર્ક રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯.
૩) શ્રીમતી સ્નેહલ રાજપુત (મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ ના ભાગીદાર– સહ–દેવાદાર)
૬૯, ૧લો માળ જય જલારામ સોસાયટી, પ્રમુખ સ્વામી હોસ્પિટલ નજીક, અડાજણ, સુરત–૩૯૫૦૦૯.
૪) શ્રી હોમેન્દ્ર પી. ઠાકરે (જામીનદાર)
એફ–૪૦૫, વિશ્વકર્મા એપાર્ટમેન્ટ, વિશ્વકર્મા મંદિર બાજુમાં, કોસાડ, સુરત–૩૯૪૧૦૭.

સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, ની ધારા ૧૩(૨) હવે પછી 'એક્ટ' તરીકે ઓળખાશે મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ એ હેઠળ નોટીસ.

મહેરબાનશ્રી,
વિષય : અમારી સલાબતપુરા શાખામાં થી મેળવેલ ક્રેડીટ સુવિધા.
અમારા **તા.૨૫.૦૧.૨૦૨૪ અને તા.૨૫.૦૧.૨૦૨૫** ના પત્ર ક્રમાંક **SALABA/ADV/SME/2023-24** અને **SALABA/ADV/SME/2024-25 ટર્મ લોન મશીનરી ના ખર્ચ માટે** અને વિવિધ ક્રેડીટ સુવિધા અને મંજુરી ની શરતો ના આધારે તમે વિવિધ ક્રેડીટ સુવિધા ઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. હાલની ટર્મ લોન ક્રેડીક સુવિધા ખાતાની અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ રૂા.લાખમાં	(% વાર્ષિક માસીક ગણતરીએ) વ્યાજનો દર	તા. ૦૮.૧૦.૨૦૨૬ બાકી લેણાં (તા.૩૦.૦૯.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન ખાતા નં. ૦૨૬૨૦૬૦૦ ૦૦૪૬૫૧	રૂા. ૯૬.૩૫	(૧.૫૦ + એસપી બીઆરએલ એલઆર) ૧૦.૯૦ (મંજુરી સમયે)	તા.૦૯.૧૦.૨૦૨૬ સ્ટેટમેન્ટ મુજબ(તા.૩૦.૦૯.૨૦૨૬)ના વ્યાજ સહિત રૂા.૭૦,૪૦,૯૬૧.૫૬ ઉમેરો : રૂા.૧,૧૭,૬૭૧.૧૦ અનસર્વિસ્ડ વ્યાજ ઉમેરો : રૂા.૧,૭૬,૨૬૬.૭૪ ઉમેરો : રૂા.૪૭૦૭.૦૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = કુલ	**સુરક્ષા કરાર :** તા. ૦૭.૦૨.૨૦૨૪ ના લોન એગ્રીમેન્ટ **પ્રાથમિક સિકયુરીટી:** પ્લાન્ટ અને મશીનરી, નું હાઈપોથીકેશન. **કોલેટરલ સિકયુરીટી :** સબ રજીસ્ટ્રાર, સુરત–૩, નવાગામ રજી.નં.૮૯૦ ના ૨૦૨૫ સાથે નોંધાયેલ ઈકવીટેબલ મોર્ગેજ ડીડ થી થયેલ છે.
કુલ	રૂા. ૯૬.૩૫		રૂા.૭૩,૩૯,૬૦૬.૪૦	

પ્રાથમિક જામીનગીરીની નું વર્ણન : ફુલ્લી કોમ્પ્યુટરાઈઝ જેકાર્ડ સીમલેસ કર્નીટીંગ મશીન સ્ટાન્ડર્ડ એસેસરીઝ સાઈઝ ૧૭ 'ઈંચ–૧ સીરીયલ નં. ૮૦૦૨૧૩૦, ૮૦૦૨૧૩૧, એચ૭એચ, સીલીંગ મશીન, મોડેલ નં.CS 729:40x4 સીરીયલ નં. ૧૧૧૭, ૧૧૨૧ સહિત.

તમામ હિત, હકક અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ઓફીસ નં.૨૧૩, કારપેટ એરિયા માપ ૫૭૩.૧૮ ચો.મી એટલે કે ૫૩.૨૬ ચો.મી અને બિલ્ટઅપ એરિયા માપ ૬૩.૯૦ ચો.મી, દીપકમલ મોલ અને મલ્ટીપ્લેક્ષ ના બીજા માળે આવેલ છે મિલકત ના વણવહેચાયેલ હિસ્સા સહીત નું બાંધકામ જમીન સબ પ્લોટ નં.૨, ફાઈનલ પ્લોટ નં.૩૪/૧, ૩૪/૨, અને ૩૪/૩ પૈકી ૩૪/૧ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૩૮ (નાનાવરાછા) જમીન રેવન્યુ સર્વે નં.૪૪ એટલે કે બ્લોક નં.૭૨ ઈંચ મોજે ગામ. નાના વરાછા, તાલુકા. પુણાં, જી.સુરત ખાતે તમામ સામાન્ય હકકો અને આ ઓફીસ સાથે જોડાયેલ એમેનીટીઝ સાથે સંયુક્ત નામ **શ્રી વિપુલ વસંતલાલ કાપડીયા અને શ્રી હોમેન્દ્ર પતિરામ ઠાકરે** ના નામે આવેલ છે.

૨. તમે જાણો છો કે **૨૮.૦૮.૨૦૨૬** માં પુરા થયેલ ત્રિમાસિક સમયમાં તમે ઉપરોક્ત ટર્મ લોન ના વ્યાજ ની પરત ચુકવવામા કસુર કર્યો છે. ૩. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. તમારૂં લોન ખાતું **તા.૨૯.૦૮.૨૦૨૬** ના રોજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડયાની જોગવાઈ મુજબ **નોન–પરફોર્મીંગ એસેટ** તરીકે વર્ગીકૃત થયેલ છે. અમારી માંગણાની વારંવારની વિનંતી છતાં તમે ઓવરડયુ લોન તેના ઉપરના વ્યાજ સાથે ચુકવ્યા નથી. ૪. ઉપરોક્ત પેરા–૧ માં જણાવેલ સિક્યોરીટા દ્વારા સુરક્ષીત કરેલ ક્રેડીટ સુવિધા ના સંદર્ભમાં તમારી જવાબદારી પૂર્ણ કરવામાં તમારી અસમર્થ ને ધ્યાનમાં રાખી અને તમારા ખાતાને નોના–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવા માટે અમે તમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી નોટીસ ની તારીખથી ૬૦ દિવસ ની અંદર તમને બેંક પ્રત્યેની **રૂા.૭૩,૩૯,૬૦૬.૪૦ (અંકે રૂા.ત્તોત્તેર લાખ ઓગણચાલીસ હજાર છસો છ અને ચાલીસ પૈસા પુરા) તા.૦૮.૧૦.૨૦૨૬ ના રોજ (તા.૩૦.૦૯.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** વત્તા વધારાના વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ ની જવાબદારી પેરા –૧ માં જણાવ્યા મુંજબ ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. **૫.** કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ ની તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત– જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૮. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ ક્યાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૦૯.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સલાબતપુરા શાખા**